દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શુક્રવાર ૨ ઓક્ટોબર, ૨૦૨૬

# ફ્રાન્સ ફરી એક વાર કામદાર અજંપાની પકડમાં

હાલમાં ફ્રાન્સ એક ગંભીર સામાજિક અને આર્થિક અસ્થિરતાના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. દેશમાં પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમની મધ્યમ-જમણેરી સરકાર દ્વારા આગામી વર્ષના બજેટમાં કરવામાં આવેલા ભારે આર્થિક કાપના પ્રસ્તાવ સામે જનતામાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. શિક્ષણ, સ્વાસ્થ્ય અને અન્ય સરકારી સેવાઓમાં મૂકાતા આર્થિક કાપ તેમજ મોંઘવારીને કારણે દેશભરમાં વિદ્યાર્થીઓ અને વિવિધ જાહેર ક્ષેત્રનાં કર્મચારીઓ રસ્તા પર ઊતરી આવ્યાં છે. ૨૯મી સપ્ટેમ્બરે ફ્રાન્સનાં અનેક શહેરોમાં વિદ્યાર્થીઓ અને કામદારોએ રેલીઓ અને વિરોધ પ્રદર્શનો યોજ્યાં હતાં જેના કારણે ૨૦૨૦ના ચલો વેસ્ટ વિરોધ પ્રદર્શનોની પણ યાદ તાજી થઇ હતી. વડા પ્રધાન સેબાસ્ટિયન લેકોર્નૂના વહીવટીતંત્રે કૂદકે ને ભૂસકે વધતી રાજકોષીય ખાધને નિયંત્રણમાં લેવા માટે ૫૪ અબજ યુરોની બચત ઝુંબેશનું આયોજન કર્યું હતું. શિક્ષકો, આરોગ્ય સંભાળ સ્ટાફ, પોલીસ અધિકારીઓ અને અગ્નિશામકો કામકાજ છોડીને હડતાળ પર ઊતર્યાં હતાં અને દેશભરમાં આશરે ૧૫૫ વિરોધ પ્રદર્શનો યોજ્યાં હતાં. બીજી બાજુ વર્ગખંડોમાં વધુ પડતી ભીડ, શિક્ષકોની અછત અને નબળી સુવિધાઓના મુદ્દે હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓએ ડઝનબંધ શાળાઓ બંધ કરાવી દીધી હતી. સોફી બાઇનેટના નેતૃત્વ હેઠળના CGT સહિતનાં મુખ્ય યુનિયનોએ સરકારને સરકારી ખર્ચમાં કરાયેલો કાપ પાછો ખેંચવા અથવા લાંબા ગાળાની હડતાળનો સામનો કરવા અલ્ટિમેટમ આપ્યું હતું. સરકારી ખર્ચમાં પ્રસ્તાવિત કાપ અને વેતન સ્થગિતતાના વિરોધમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સમગ્ર ફ્રાન્સમાં જાહેર ક્ષેત્રનાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ દેશવ્યાપી હડતાળ પાડીને રસ્તાઓ રોક્યા હતા. સરકારે ૨ અબજ યુરો બચાવવા માટે ૨૦૨૭ માટે સરકારી કર્મચારીઓના મૂળ વેતનવધારાને સ્થગિત રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. યુનિયનો જણાવે છે કે ઊંચા ફુગાવા અને બળતણના ભાવ વચ્ચે સતત વાર્ષિક વેતન સ્થગિતતાને કારણે ખરીદશક્તિમાં બે આંકડાનો ઘટાડો થયો છે.

કરકસરના સરકારનાં પગલાંઓને કારણે શાળાઓની અને શિક્ષણની હાલત પણ બગડી રહી છે તેથી વિદ્યાર્થીઓ પણ મેદાને પડ્યાં છે, બીજી તરફ કામદાર વર્ગની તો કફોડી હાલત છે જ. દેશભરમાં હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓએ વર્ગખંડોમાં અતિશય ભીડ, શિક્ષકોની અછત અને શિક્ષણ ક્ષેત્રે ફંડિંગની કમી સામે વિરોધ નોંધાવતાં ડઝનબંધ શાળાઓની નાકેબંધી કરી છે. શિક્ષણ મંત્રાલયના અહેવાલો મુજબ દેશની આશરે ૧૦ ટકાથી વધુ હાઈસ્કૂલો આ આંદોલનથી પ્રભાવિત થઈ છે. પેરિસ અને લીલ જેવાં શહેરોમાં વિદ્યાર્થીઓએ શાળાઓના પ્રવેશદ્વાર રોકીને પોલીસ દમન અને નાણાંકીય કાપ સામે બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે પ્રદર્શનો કર્યાં હતાં. સરકારી કર્મચારીઓ અને ટ્રેડ યુનિયનો પણ આ આંદોલનમાં સક્રિય રીતે જોડાયાં છે. સરકાર દ્વારા ૨૦૨૭ના બજેટમાં આશરે ૫૪ અબજ યુરોની બચત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેના અંતર્ગત સરકારી કર્મચારીઓના મૂળભૂત પગારવધારાને સ્થગિત કરવાનો પ્રસ્તાવ છે. યુનિયનોનો દાવો છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સતત પગારવધારો સ્થગિત રહેવાને કારણે કામદારોની ખરીદશક્તિમાં બે આંકડાનો ઘટાડો થયો છે. આ વિરોધ પ્રદર્શનમાં શિક્ષકો, હોસ્પિટલ કર્મચારીઓ તેમજ વ્યાવસાયિક ફાયરફાઇટર્સ પણ જોડાયાં છે. ફાયરફાઇટર્સનું કહેવું છે કે ઉનાળા દરમિયાન લાગેલી ભીષણ આગ વખતે સાધનો અને સંસાધનોની ભારે અછત છતી થઈ હતી. આ સામાજિક અસંતોષે ફ્રાન્સની રાજકીય સ્થિતિને વધુ નાજુક બનાવી દીધી છે. પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને વડા પ્રધાન સેબસ્ટિયન લેકોર્નૂની સરકાર સામે જનતાનો અસંતોષ સતત વધી રહ્યો છે. ઓપિનિયન પોલ્સ દર્શાવે છે કે મેક્રોન સરકારની લોકપ્રિયતા તળિયે પહોંચી ગઈ છે. દેશની રાજકોષીય ખાધ નિયંત્રણ બહાર જઈ રહી છે અને આર્થિક વૃદ્ધિ દર અપેક્ષા કરતાં ધીમો રહેવાની શક્યતા છે, જેના કારણે સરકાર માટે આર્થિક સંતુલન જાળવવું મુશ્કેલ બની રહ્યું છે.

બીજી તરફ, વિપક્ષી નેતાઓ આ સ્થિતિનો રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કટ્ટર-ડાબેરી નેતા જીન-લ્યુક મેલેન્યોને સરકાર પર જાહેર સેવાઓને નષ્ટ કરવાનો આરોપ લગાવીને બજેટ પ્લાન સામે લોકોને એકજૂથ થવા હાકલ કરી છે. આગામી પ્રમુખપદની ચૂંટણીનાં સર્વેક્ષણો દર્શાવે છે કે અતિ જમણેરી નેશનલ રેલીના નેતા મરીન લે પેન અને મેલેન્યોન પ્રમુખપદની રેસમાં આગળ ચાલી રહ્યા છે, જેમાં લે પેન સૌથી મજબૂત દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. બીજી તરફ ઈરાન સાથેના સંઘર્ષને કારણે ઊર્જાના ભાવમાં થયેલા વધારા સામે સરકારે રાહત આપવાના પ્રયાસો કર્યા છે, પરંતુ તે જનતાના આક્રોશને શાંત કરવામાં નિષ્ફળ રહ્યા છે. ફ્રાન્સ હાલમાં આર્થિક શિસ્ત જાળવવા માટે બજેટમાં કાપ મૂકવાની મજબૂરી અને બીજી તરફ જનતા તથા કામદાર વર્ગના આક્રોશ વચ્ચે ઝૂલી રહ્યું છે. આમ પણ ફ્રાન્સમાં આર્થિક અસમાનતાનું પ્રમાણ ઊંચું છે અને તેને કારણે સામાન્ય કામદાર વર્ગમાં અજંપો સર્જાતો રહે છે. યલો વેસ્ટ પ્રદર્શનો પછી ફ્રાન્સ ફરી એક વાર કામદાર અજંપાની સ્થિતિનો સામનો કરી રહ્યું છે અને આ વખતે તેમાં વિદ્યાર્થી અજંપો પણ ઉમેરાયો છે.

## સુથારનો પ્રયાસ



એક ગામમાં બે ભાઈઓ વચ્ચે વર્ષોથી ઝઘડો હતો.બે સગા ભાઈઓ પણ બાપે માર્યા વેર હોય તેમ ઝઘડતા. એકમેકનું મોઢું જુએ અને તરત ઝઘડવા લાગે, કોઈ કારણ હોય કે ન હોય.એક દિવસ બે વેરી ભાઈ વચ્ચે રોજ કરતાં વધુ મોટો ઝઘડો થયો અને મોટો ભાઈ ગુસ્સામાં ગામના સુથારને બોલાવી લાવ્યો અને કહ્યું, ‘‘આ મારું ઘર અને બાજુમાં નાનકાનું ઘર છે અને પેલું મારું ખેતર અને બાજુમાં નાનકાનું ખેતર છે. આ બે ઘર વચ્ચે ઊંચો તોતિંગ દરવાજો બનાવ જે ક્યારેય ના ખુલે અને બે ખેતર વચ્ચે પણ મોટી ઊંચી દીવાલ બનાવ કે મારે ક્યાંય તેનું મોઢું જોવું ન પડે કારણ તેનું મોઢું જોતાં જ મને ગુસ્સો આવે છે.’’ આટલું કહી મોટો ભાઈ ગુસ્સામાં પગ પછાડતો બહાર જતો રહ્યો.સુથાર કામે લાગ્યો, સામાન લાવ્યો ,માણસો લાવ્યો અને તેણે આખો દિવસ કામ કર્યું.મોડી સાંજે મોટો ભાઈ બહારથી ઘરે આવ્યો તો બે ઘર વચ્ચે તોતિંગ દરવાજાના સ્થાને બે ઘરને જોડતો સરસ ઝરુખો હતો અને દેરાણી જેઠાણી ઝરૂખામાં બેસી હસી રહી હતી અને ખેતરમાં પણ ઊંચી દીવાલને બદલે ત્યાં બે ખેતરમાં વચ્ચે વહેતી નાની નહેરની ઉપર ઝૂલતો એક સુંદર લાકડાનો પુલ હતો અને નાનો ભાઈ સામે ઊભો હતો.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

નાના ભાઈની આંખોમાં આંસુ હતાં.

તેણે દોડીને આવીને ભાઈને ભેટતા કહ્યું, ‘‘ભાઈ, મેં ક્યારેય વિચાર્યું નહોતું કે તમે દુશ્મનાવટ દૂર કરવા આવું સુંદર પગલું લેશો. આ ઝૂલતો ઝરૂખો અને આ પુલ હવે આપના પ્રેમની મિસાલ બનશે. હું ક્યારેય ઝઘડા નહિ કરું. મને માફ કરો.’’

મોટા ભાઈએ પણ બધું ભૂલીને તેને ગળે લગાવી લીધો.

સુથાર પોતાનું કામ પૂરું કરીને બધો સામાન લઈને ચાલવા લાગ્યો ત્યારે બંને ભાઈઓએ કહ્યું, ‘‘થોભો, અમારે તમારા માટે બીજાં ઘણાં કામ છે.’’

સુથારે હસીને કહ્યું, ‘‘ હમણાં મને સમય નથી. મારે હજી ઘણા પુલ અને ઝરૂખા બનાવવા છે.’’ આટલું કહીને સુથાર ચાલવા લાગ્યો.

દીવાલો બનાવવી સરળ છે.પુલ બનાવવા ઉદાર દિલ, ઉમદા વિચાર જોઈએ.

ગુસ્સામાં આપણે સંબંધ તોડી શકીએ છીએ, પરંતુ એક નાનો પ્રયાસ વર્ષોની દૂરી ઓછી કરી શકે છે.

# વિકાસ કે નવો સંસ્થાનવાદ?

## કહેવાની વાત

**નેહા શાહ**

> **વિદેશી રોકાણ નામનું ગાજર એટલું આકર્ષક લાગતું હોય છે કે એની પાછળના વૈકલ્પિક ખર્ચની ચર્ચા જ કોઈ કરતું નથી, ખર્ચ કોણ ચૂકવશે એ સવાલ તો જાણે વર્જીત જ બની જાય છે!**

વિશ્વ સાથે તાલ મેળવવા ભારત પણ હવે કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે AI આધારિત ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે. AI નું મોડેલ વિકસાવી નહિ પણ એમાં અમાપ માહિતી ભરવા માટે જરૂરી તોતિંગ ડેટા સેન્ટર વિકસાવીને. રાજ્ય સરકારો મોટાં ડેટા સેન્ટરોનું સ્વાગત કરી રહી છે. શહેરોને ૮“AI હબ” બનાવવાની વાત થઈ રહી છે. મોટું રોકાણ લઈને આવે તો સાથે રોજગારી અને ટેક્નોલોજીનો વિકાસ થાય એ સૌને આકર્ષક લાગી રહ્યું છે. પરંતુ ગુગલ, મેટા, માઈક્રોસોફ્ટ કે બ્લેકસ્ટોન જેવી AI જગતની ઓલીગાર્ક ગણાતી કંપનીઓ સામે તેમના જ દેશ યુ.એસ.માં જાહેર જનતા કેમ વિરોધ કરી રહી છે? કેમ તે ભારત જેવા દેશ તરફ વળી રહી છે? વિદેશી રોકાણ નામનું ગાજર એટલું આકર્ષક લાગતું હોય છે કે એની પાછળના વૈકલ્પિક ખર્ચની ચર્ચા જ કોઈ કરતું નથી, ખર્ચ કોણ ચૂકવશે એ સવાલ તો જાણે વર્જીત જ બની જાય છે! યુ.એસ. માં પાછલાં ચાર વર્ષથી ઠેર ઠેર AI ડેટા સેન્ટર સામે વિરોધ થઈ રહ્યા છે. કારણકે આટલા મોટા મશીનને ઠંડુ રાખવા માટે જરૂરી પાણી, મશીન ચલાવવા માટે જરૂરી વીજળી તેમજ સતત ચાલતા મશીનને કારણે ઊભું થતું ધ્વનિપ્રદૂષણનો બોજ સ્થાનિક પ્રજા પર પડે છે. એની સામે એમની ખેતીલાયક અને જંગલની જમીન જાય છે, જેની આજીવિકા પર અસર પડે છે. હજારો-કરોડોના રોકાણ સામે રોજગારનો જે વાયદો એમને કરવામાં આવ્યો છે એટલો રોજગાર ઊભો થતો હોય એવું દેખાતું નથી. સરકાર જ્યારે મોટી કંપનીને જમીન આપવાનો વાયદો કરે છે કે એમને કરમુક્તિ આપે છે ત્યારે સ્થાનિક લોકો સાથે કોઈ ચર્ચા થતી નથી. યુ.એસ.માં ઊઠેલા મુદ્દા ભારત માટે પણ એટલા જ પ્રસ્તુત છે. કોની જમીન જશે? ભારત જેવા પાણીની અછતવાળા દેશમાં કોને પાણી મળશે અને કોણે પાણી માટે લાંબી લાઈનમાં ઊભા રહેવું પડશે? આ ઉપરાંત જે ગરમી ઉત્સર્જીત થશે, જે અવાજ ઊભો થશે કે વીજળીની ગ્રીડ પર જે ભારણ આવશે એનો બોજો કોના ભાગે આવશે? સ્વાભાવિક છે કે સાઉન્ડપ્રૂફ એ.સી. ચેમ્બરમાં બેસનાર તો આ તકલીફની પીડાથી વાકેફ નહિ હોય! કેટલાક દાવા પણ ગેરમાર્ગે દોરનારા છે. એમેઝોને ૨૦૨૨માં હૈદરાબાદ ખાતે પોતાનું ડેટા સેન્ટર શરૂ કર્યું. જૂન 2026માં એણે જાહેરાત કરી કે ભારતમાં તે “વોટર પોઝિટિવ” બની ગયું છે, એટલે કે તેની કામગીરીમાં વપરાતાં પાણીના 120 ટકા જેટલાં પાણીનું તે પુનઃભરણ કરે છે. સાંભળવામાં તો કેટલું સારું લાગે. પરંતુ પાણી ચોક્કસ નદીઓ અને ભૂગર્ભ જળ સાથે જોડાયેલું છે. એક સ્થળેથી પાણી ખેંચીને બીજા સ્થળે પાણીનું પુનઃભરણ કરવામાં આવે તો જે વિસ્તાર દુષ્કાળનો સામનો કરી રહ્યો હોય ત્યાં પાણીની અછત દૂર થતી નથી. એટલે કંપની ભલે “વોટર પોઝિટિવ” હોય, છતાં ચોક્કસ વિસ્તાર પાણીની તંગીનો સામનો કરી શકે છે. આ ઉપરાંત થાણે, વિશાખાપટ્ટનમ અને અન્ય સ્થળોએ જે ડેટા સેન્ટરોનો પ્રસ્તાવ છે તેમને કેટલું પાણી જોઈએ અને તે પાણી ક્યાંથી આવશે તે અંગે પારદર્શી આંકડા નથી. રોજગારીના મામલે પણ આંકડા ભ્રમ ઊભો કરી શકે છે. વિશાખાપટ્ટનમના AI હબનો પ્રસ્તાવ શરૂ થયો ત્યારે એક આર્થિક મોડેલે દર વર્ષે 1.88 લાખ સીધી અને આડકતરી નોકરીઓનું અનુમાન કર્યું હતું. પરંતુ પ્રોજેક્ટ મંજૂરી માટે જે દસ્તાવેજ રજૂ થયા એના આંકડા પ્રમાણે માત્ર 650 જેટલી જ કાયમી નોકરી ઊભી થશે! એટલે કે બાકીનો બધો રોજગાર અસંગઠિત ક્ષેત્રમાં - એની અનિશ્ચિતતાઓ સાથેનો! પ્રોજેક્ટની જાહેરાત કરતી વખતે આ તફાવત સ્પષ્ટ કરવામાં આવતો નથી.

જમીનનો પ્રશ્ન તો તેનાથી પણ વધારે ગંભીર છે. જે સમુદાયો ઐતિહાસિક રીતે જમીનની માલિકીથી વંચિત રહ્યા છે, તેમના માટે જમીન માત્ર આર્થિક સંપત્તિ નથી. તે સુરક્ષા, ગૌરવ અને પેઢી દર પેઢી સાથે જોડાયેલી ઓળખનો આધાર છે. જમીન સંપાદન બદલ મળતું વળતર આ સંબંધોને આપોઆપ પુનઃસ્થાપિત કરી શકતું નથી અને જમીન ગુમાવનાર ખેડૂત મોટા ભાગે દેવાળિયો થાય એની શક્યતા વધી જાય એવું વિકાસના કાર્યક્રમોનો આપણો ઈતિહાસ દર્શાવે છે.

ભારતને ડિજિટલ માળખાની જરૂર છે, એ વાત સાચી પણ એનો અર્થ એવો નથી કે આપણે વિકાસ પાસાના વાસ્તવિક ખર્ચ અને વૈકલ્પિક ખર્ચને અવગણીને ચાલીએ. જો કોઈ પ્રોજેક્ટ પાણી,જમીન, વીજળી અને જાહેર માળખાનો ઉપયોગ કરે છે, તો લોકોને એ જાણવાનો અધિકાર છે કે કેટલો ઉપયોગ થશે. સંસાધનો ક્યાંથી આવશે અને તેનો લાભ કોને મળશે. આ પારદર્શિતા હોવી પણ જરૂરી છે. જોવાનું એ છે કે 2025માં લગભગ 1.5 GW જેટલી ક્ષમતા હતી તે 2030 સુધીમાં અનેકગણી વધવાની ધારણા છે. છતાં ભારતમાં ડેટા સેન્ટરો માટે કોઈ સ્પષ્ટ રાષ્ટ્રીય નીતિ નથી. સરકાર લાલ જાજમ બિછાવી રહી છે, એમાં યુ.એસ. સરકારનું પણ દબાણ હોવાની શક્યતા છે, કારણ કે પોતાના દેશમાં થઇ રહેલા વિરોધને ખાળવા એ પરદેશની ધરતી શોધે છે જ્યાં ઉત્પાદન સંબંધી બધી ગંદકી ઠાલવી શકે. શું આ નવા પ્રકારનો સંસ્થાનવાદ છે?

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# ચૂંટણીપંચ સ્વતંત્ર છે, પરંતુ વહીવટી કામગીરી માટે સંપૂર્ણ પરાવલંબી છે તે વાત કોણ કરશે?

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **રાજ્ય ચૂંટણી કમિશનર અલગ હોય છે, પણ પછી તેમના હાથ નીચે જિલ્લા કલેક્ટર જિલ્લા ચૂંટણી અધિકારી અને મામલતદાર તાલુકા અધિકારી બની જાય છે અને પ્રજા સાથે સીધા કામ કરવા માટે હોય છે શિક્ષકો!**

અત્યારે દેશમાં રાજકીય ધમાસાણ મચ્યું છે. ચર્ચાના કેન્દ્રસ્થાને છે ચૂંટણીપંચ. ભારતમાં બંધારણે જે સ્વાયત્ત સંસ્થાઓ આપી છે, તેવી સંસ્થાઓમાં ન્યાયતંત્ર જેટલું જ મહત્વનું ચૂંટણીપંચ છે. દેશમાં સંસદીય લોકશાહી માટે ચૂંટણી અનિવાર્ય છે અને આ ચૂંટણી દ્વારા વિજેતા ઉમેદવારોને સત્તા સોંપવાનું અગત્યનું કામ ચૂંટણીપંચ કરે છે. ચૂંટણીપંચ તટસ્થ રીતે, પક્ષાપક્ષીથી પર રહીને આ કામ કરવાનું હોય છે. ભારતમાં ચૂંટણીપંચને બંધારણે કેટલીક અમર્યાદિત સત્તાઓ આપી છે, જેમાંની કેટલીક આપણે જાણીએ છીએ, જેમ કે ચૂંટણી સમયે તે કોઈને પણ કામગીરી સોંપી શકે છે, ચૂંટણીના ખર્ચાઓનું ઓડિટ હોતું નથી વગેરે.

ચૂંટણીપંચ વિશે દેશભરમાં ચર્ચાઓ થાય ત્યારે એક અગત્યની ચર્ચા થવી જરૂરી છે અને તે એ કે ચૂંટણીપંચ પાસે જમીન ઉપર વ્યવહારિક કામ કરવા માટેનું માળખું જ નથી!

હા, ચૂંટણીપંચની રચનાથી માંડીને તેની ભૂમિકા કે અમર્યાદિત સત્તાઓ બધું જ બંધારણમાં છે. તે પક્ષને માન્ય-અમાન્ય કરી શકે છે. ઉમેદવારને માન્ય-અમાન્ય કરી શકે છે. તે ઉમેદવારની હાર-જીત જાહેર કરે છે. એટલે બંધારણીય સત્તાઓ દ્વારા એ સ્પષ્ટ છે કે ચૂંટણીપંચનો પાયો મજબૂત છે. વળી, નેવું કરોડ મતદાતાઓ માટે ચૂંટણી યોજી, સાઠ કરોડ મતદાતાઓના મત ગણાવી પરિણામો જાહેર કરવા સુધીની કામગીરી દ્વારા તેની કામગીરીની ધજા વિશ્વભરમાં ફરકે છે. ચૂંટણીપંચ પાસે ચૂંટણી કમિશનરની કચેરી છે. હાલ ત્રણ ચૂંટણી કમિશનરો છે. શ્રી ટી. એન. શેષન આવ્યા બાદ ભારતમાં સામાન્ય પ્રજા ચૂંટણી કમિશનર અને ચૂંટણીપંચનું મહત્વ સમજતી થઈ!! મતદાર ઓળખપત્ર પણ ત્યાર બાદ દાખલ થયું. ઓળખાણના પુરાવા સાથે મતદાન કરવાની સત્તાવાર શરૂઆત પણ પછી થઈ. બાકી તો દર પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે ચૂંટણીપંચ અને તે સંબંધિત ચર્ચાઓ પણ થતી, બાકી બધું રામ રામ!

વાત અગત્યની અને મહત્વની છે તે હવે એ કે ભારતમાં ચૂંટણીપંચનો બંધારણીય સત્તા દ્વારા પાયો મજબૂત છે. ઉપર ચૂંટણીપંચ અને તેની સત્તાવાર ઓફિસ અને દરેક રાજ્યમાં એક કેન્દ્રીય ઓફિસ છે, પણ ચૂંટણીપંચને રોજિંદા જમીની કામ કરવા માટે જે માણસો, ઓફિસો જોઈએ તે છે જ નહીં. જ્યારે જ્યારે ચૂંટણી આવે ત્યારે ત્યારે રાજ્યના વહીવટી અધિકારીઓ આપોઆપ ચૂંટણીપંચના માણસો બની જાય છે. રાજ્ય ચૂંટણી કમિશનર અલગ હોય છે, પણ પછી તેમના હાથ નીચે જિલ્લા કલેક્ટર જિલ્લા ચૂંટણી અધિકારી અને મામલતદાર તાલુકા અધિકારી બની જાય છે અને પ્રજા સાથે સીધા કામ કરવા માટે હોય છે શિક્ષકો!

આ વાત અતિ ગંભીર રીતે સમજવાની અને આ વ્યવસ્થા બદલાવવાની જરૂર છે. ચૂંટણીપંચ હવે કાયમી ધોરણે કામ કરતી સંસ્થા છે. તેના મતદાર યાદી સુધારણા, મતદાતા કાર્ડ તૈયાર કરવા, ચૂંટણી સમયે મતદાતા કાપલી લોકોને પહોંચાડવા અને મતદાન મથકની કામગીરીના અનેકાનેક કામો કરવા માટે ચૂંટણીપંચ પાસે માણસો નથી, માળખું નથી.

કાયમ રાજ્યના વહીવટી સ્ટાફ અને સરકારી શિક્ષકોને આ કામગીરી આપવામાં આવે છે.પહેલા દેશમાં વસ્તી ઓછી હતી. ચૂંટણીપંચ માત્ર પાંચ વર્ષે જ કામગીરીમાં સક્રિય થતું. હવે આવું નથી. રોજ લાખો મતદારો જગ્યા બદલી રહ્યા છે, અનેક મતદારો પોતાના નામ ઉમેરવા, રદ કરવા અરજી કરી રહ્યા છે.

ભારતની આખી ચૂંટણી વ્યવસ્થા અને ચૂંટણી કામગીરીનો ખરો યશ જો કોઈને આપવાનો હોય તો આપણા શિક્ષકોને આપવો પડે. બુથ લેવલ કામગીરીથી માંડીને મતદાન મથકની વ્યવસ્થા અને મતગણતરી સુધીની કામગીરી તેઓ કરે છે. આપણી તો રાજ્ય સરકારને વિનંતી છે કે બીજું કંઈ નહીં તો નગરપાલિકાથી માંડીને લોકસભાની ચૂંટણી માટે કર્મચારી જોઈતા હોય તે અમારે માટે પણ શિક્ષકની ભરતી કરો. બાકી આવનારા સમયમાં આ ચૂંટણીઓ કરશો કોના દ્વારા? ચૂંટણીપંચે વહેલી તકે પોતાનું કાર્યરત માળખું બનાવવાની અને તે માટે સ્વતંત્ર કર્મચારીઓની ભરતી કરવી જરૂરી છે. બાકી બંધારણીય સ્વાયત્ત ગણાતા ચૂંટણીપંચની મોટાભાગની કામગીરી રાજ્યનું વહીવટીય અને પોલીસ ખાતું જ કરશે ત્યાં સુધી ચૂંટણી કામગીરીમાં ખરી તટસ્થતા આવશે નહીં. કોઈ કલેક્ટર, મામલતદાર કે શિક્ષક, અધ્યાપક એકાદ મહિનાની કે દિવસની ચૂંટણી કામગીરી માટે વર્તમાન સરકાર સામે કાયમી દુશ્મની કરશે નહીં. વ્યવહારમાં બધાને અનુભવ છે કે મામલતદારો કે કલેક્ટરો જે તે રાજ્યની સરકારના માર્ગદર્શન મુજબ જ ચૂંટણીની રોજિંદી કાર્યવાહી કરતા હોય છે અને માટે જ આચારસંહિતાથી માંડીને મતદાન મથકની કામગીરીમાં લખેલા નિયમો જુદા અને જમીન પર અનુભવ જુદા હોય છે. તો અંતે વાત એટલી જ કે ન્યાયાલય પાસે તેનું સ્વતંત્ર માળખું અને સ્ટાફ છે. આવકવેરા વિભાગ પાસે પોતાનું માળખું અને સ્ટાફ છે.

રેલવે પાસે છે, પણ ચૂંટણીપંચ પાસે વહીવટીય માળખું અને કાયમી સ્ટાફ નથી. તે તો વહીવટી માળખું અને કર્મચારીઓ ઉછીના લઈને કામગીરી ચલાવે છે. એટલે મતદાર યાદીના ગોટાળા તો શરૂઆત છે.

જેમ જેમ ઊંડા ઊતરશો, નવા નવા ખેલ સામે આવશે, કારણ કે નિસ્બત વગર, જવાબદારી વગર કોઈપણ ભોગે ચૂંટણી કામગીરી પૂરી કરવાના હેતુથી થયેલા કામમાં આવું થાય તે સ્વાભાવિક છે. એટલે ચૂંટણીપંચને કામ કરવા કાયમી સ્ટાફ આપો, માળખું આપો. એ સમયની માંગ છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે*

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## માર્ટિન લ્યુથર કિંગે કહ્યું હતું કે મારા એક જ આદર્શ ગાંધી

ગાંધીજીએ દેશ માટે 2089 દિવસ જેલમાં ગુજાર્યા. 249 દિવસ દક્ષિણ આફ્રિકાથી જેલમાં વિતાવ્યા હતા. દાંડી કૂચમાં 28 દિવસમાં 241 માઈલની સફર પૂરી કરી ત્યારે તેમની ઉંમર 61 વર્ષથી હતી અને કવીટ ઈન્ડિયાનું એલાન આપ્યું કયારે ગાંધીજી 71 વર્ષના હતા. માર્થિન લ્યુથર કિંગે કહ્યું હતું કે મારા એક જ આદર્શ ગાંધી. નેલશન મંડેલાએ લખ્યું છે કે અમને ટકાવી રાખનાર પ્રેરક બળનું નામ હતું ગાંધીજી. ન્યુયોર્કના સ્ટેચ્યુ ઓફ યુનિટ ઉપર ગાંધીજીનું વાકય કોતરાયું છે. ઓબામાએ કહ્યું હતું કે એક યુવાન તરીકે તેઓ ગરીબોની સેવા કરતા હતા ત્યારે તેમને ગાંધીજીના જીવન ચારિત્યમાંથી શકિત મળી હતી. લંડનમાં ગાંધીજીની પ્રતિમા છે. હિટલરના જર્મનીમાં સ્ટુયર્ટ શહેરના એક માર્ગને ગાંધીજીનું નામ અપાયું છે. કેલીફોર્નિયામાં ગાંધી વર્લ્ડપીસ મેમોરીયલમાં ગાંધીજીની પ્રતિમા છે. આવા બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિ મોહનલાલ કરમચંદ ગાંધીને મારા ગાંધી જયંતી નિમિત્તે લાખ લાખ સલામ. ગાંધી કદી મરશે નહીં.

**સુરત -મહેશ ડોકટર**

## WHO ની ચેતવણી

આપણે ત્યાં દૂધનું ઉત્પાદન અંદાજે 14000 કરોડ લિટર જેટલું છે અને દૂધની માંગ 64000 કરોડ લીટર છે એટલે કે લગભગ 50,000 કરોડ લિટર દૂધ કે દૂધમાંથી બનતી સામગ્રી બનાવતી ડુપ્લીકેટ હોય તે ખાદ્ય સામગ્રી ખાવાલાયક હોતી નથી. WHO એ ચેતવણી આપી છે કે જો ભારત સરકાર દૂધના ઉત્પાદન કે અન્ય ખાદ્ય સામગ્રી માટે ડુપ્લીકેટ બનાવટ ના રોકી શકે તો 2035 સુધીમાં ડુપ્લીકેટ ખાદ્ય સામગ્રી આરોગવાના કારણે કેન્સર કે એના જેવી જ ઘાતક બીમારી ફેલાઈ શકે છે. કોઈ પણ સામગ્રીનું ડુપ્લીકેટ ઉત્પાદન ત્યારે જ થાય છે જ્યારે તે જીવન જરૂરિયાત વસ્તુઓનું પૂરતુ ઉત્પાદન જ ના હોય! આપણે ત્યાં ગૌપાલકોને પ્રોત્સાહન આપી દૂધનું ઉત્પાદન વધુમાં વધુ થાય તે મુજબનાં પગલાં લેવાં જરૂરી છે. દૂધની ખેંચ પડે જ છે તો હવે સરકારે દૂધની આયાત કરવાની નહીં, પરંતુ આપણે ત્યાં પૂરતું ઉત્પાદન થાય તે મુજબનાં પગલાં લેવાં જરૂરી છે.

**સુરત -વિજય તુઈવાલા**

## વાડ જ ચીભડાં ગળે

ભારતીય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર અને ચૂંટણી પંચની તાજેતરની કામગીરીને લઈને આખા દેશના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. ખાસ કરીને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હેઠળ લાખો ચકાસાયેલાં મતદારોનાં નામ અચાનક ગાયબ થઈ જવાં, ફોર્મ નંબર ૬ માં બારોબાર સુધારા કરવા અને સમગ્ર ડેટા સિક્યુરિટી અંગે ઊભા થયેલા ગંભીર આરોપોએ ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે મોટો પ્રશ્નાર્થ મૂકી દીધો છે. જે લોકશાહીને લૂણો લગાડે છે.જે સંસ્થા પાસે લોકશાહીનું રક્ષણ કરવાની અપેક્ષા હતી તે જ સંસ્થા મનમાની ચલાવીને વાડ જ ચીભડાં ગળે જેવો ઘાટ સર્જી રહી છે.હાલમાં ચૂંટણી પોર્ટલ પર માત્ર નામ જોઈ શકાય છે પરંતુ જો કોઈ અધિકારી કે સિસ્ટમ દ્વારા મતદારયાદીમાં નામ કમી કે ટ્રાન્સફર કરવામાં આવે તો તુરંત જ મતદારના મોબાઈલ પર OTP અને SMS એલર્ટ જવો જોઈએ. મતદારયાદીમાં તથા દરેક ફેરફાર માટે “બ્લોકચેન” ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ, જેથી કયા અધિકારીએ કઈ તારીખે અને કયા આદેશથી નામ ઉમેર્યું કે કમી કર્યું તેનો ડિજિટલ હિસ્ટ્રી ટ્રેક ક્યારેય ભૂંસાઈ ન શકે. જો પ્રજા પોતાનો મતાધિકાર બચાવવા જાગૃત નહીં થાય અને પંચમાં આવી કડક સિસ્ટમ લાવવામાં નહીં આવે તો ચૂંટણી પ્રક્રિયા પરથી જનતાનો વિશ્વાસ સાવ ઊઠી જશે અને સરકારનો અંતેવાસી લોકશાહીને છેતરી જશે.

**સુરત -યુનુસ શેખ**

## જળપ્રદૂષણ નિયંત્રણ

જળપ્રદૂષણ નિયંત્રણ મહત્ત્વનો વિષય છે. વધતી જતી વસ્તી, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, પીવાના પાણીની અમુક ભાગોમાં અછત, પાણીનો વ્યય ભવિષ્યમાં પાણીની અછત ઊભી કરી શકે છે.એના માટે ગંદા પાણીને, ફેક્ટરીમાંથી નીકળતા કેમિકલયુક્ત પાણીને રી-પ્રોસેસ કરીને ફરીથી ઉપયોગમાં લેવું જોઈએ. આ પાણીને ફરીથી ફેક્ટરીમાં રીયુઝ તરીકે લઈ શકાય અને આ પાણીને ફ્લશિંગ માટે પણ વાપરી શકાય.બીજું વરસાદી પાણીનો સંગ્રહ ભૂગર્ભજળ રીચાર્જ કરવું અને સંગ્રહ કરીને એને વાપરવું આવનાર દિવસ માટે એક મહત્ત્વનો મુદ્દો બની રહેશે. નદી, તળાવ નગરપાલિકાઓનાં ગંદા પાણીને બાયોલોજીકલ અને કેમિકલ પ્રોસેસથી શુદ્ધ કરી ઉપયોગમાં લેવાય એવી પદ્ધતિ અપનાવો. પાણી આપણા માટે જીવન જીવવાનું મુખ્ય પાસું છે.

**સુરત - તુષાર શાહ**

## ૧૯૪૮માં શાંતિ પારિતોષિક ગાંધીજીને મરણોત્તર જાહેર થઈ શક્યું હોત

ગુરુદેવ ટાગોરે જેમને ‘મહાત્મા’ ના બિરુદથી નવાજ્યા તે ગાંધી તરફ નોબેલ પારિતોષિક આપનાર કમિટીનું ધ્યાન ગયું જ ન હોત એવું ન હતું. નોર્વેજિયન નોબેલ સમિતિના વડા ઓલ્ડગાનબોલ્ટે મંજોએ એ વાતની સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે નોબેલ પ્રાઈઝ માટે સંભવિત વિજેતા તરીકે ગાંધીજીનું નામ એક બે વાર નહીં, પાંચ પાંચ વખત ટોપ પર આવ્યું, પણ કોઈને કોઈક કારણસર વાત બની નહીં. એટલે ૧૯૪૭માં સમિતિએ સર્વાનુમતે નિર્ણય લીધો કે ગાંધીને સર્વોચ્ચ સન્માન આપવું અને વિધિની વક્રતા જુઓ કે ૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ અને ફરી એક વખત વાત બની નહીં. ૧૯૪૮માં ગાંધીજીની હત્યા થતાં એ વર્ષનો પુરસ્કાર કોઈને આપવામાં આવ્યો જ નહીં. નોબેલ કમિટીએ ધાર્યું હોત તો શાંતિ પારિતોષિક ગાંધીજીને મરણોત્તર જાહેર થઈ શક્યું હોત. પણ તેમ ન થયું.

**સુરત - ડાહ્યાભાઈ પટેલ**

## દ્રષ્ટાંત દ્વારા હેતા ભૂષણનો ખૂબ જ સુંદર ઉપદેશ

ગુજરાતમિત્રના તંત્રી લેખવાળા પાના પર હેતા ભૂષણ દ્વારા જે ઉપદેશાત્મક વાતો જાણવા મળે છે તેમાંની એક, તા.૨૪ સપ્ટેમ્બર,૨૦૨૬ના લેખ દ્વારા ખૂબ જ સુંદર ઉપદેશ આપવામાં આવ્યો છે.તેમાં કાચબાનું ઉદાહરણ આપીને જણાવવામાં આવ્યુ છે કે ઝડપથી પંહોચનારને રસ્તો મળી શકે,સતત ચાલનાર પોતાનો રસ્તો બનાવી શકે. જીવનમાં બીજા કરતા ઝડપથી પંહોચવું જરૂરી નથી.અટક્યા વગર આગળ વધવું અને અન્યને પણ મદદરૂપ થવું વધુ મહત્વનું છે.આખા લેખમાં સસલું,હરણ અને કાચબા દરેકે નદી પાર કરવા માટે કેવા પ્રયત્નો કર્યાં અને અત્યંત ધીમી ગતિનો કાચબો કેવી રીતે આગળ વધ્યો તેનું ખૂબ જ સુંદર રીતે ઉપદેશાત્મક વર્ણન કરવામાં આવ્યુ છે.આ લેખ દ્વારા માનવ જાતિને કેવી રીતરસમ અપનાવવી તેનું ખૂબ જ સુંદર વર્ણન કરવામાં આવ્યુ છે.તે માટે હેતા ભૂષણજીનો આભાર અને અભિનંદન. હેતા ભૂષણજીની જે કોલમ તંત્રીલેખવાળા પાના ઉપર ગુજરાતમિત્રમાં પ્રકાશિત થાય છે તે ગુજરાતમિત્રનું આભૂષણ છે એમ કહીએ તો કશું ખોટું નથી અને ગુજરાતમિત્રને તે માટે જેટલા ધન્યવાદ પાઠવીએ તેટલા ઓછા પડે તેમાં બેમત ન હોય શકે.

**સુરત -સુરેન્દ્ર દલાલ**